| | |
|---|---|
| રજુ તારીખઃ– | ૧૬–૧૧–૨૦૧૬ |
| દાખલ તારીખઃ– | ૧૬–૧૧–૨૦૧૬ |
| ફેંસલ તારીખઃ– | ૧૬–૦૩–૨૦૨૪ |
| સમયગાળોઃ– | વર્ષઃ૦૭ માસઃ ૦૪ દિવસઃ ૦૦ |

**મે. મજુર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી કે. એન. સરવૈયા સાહેબ સમક્ષ.**

રેફરન્સ(ટી)નં.૬૪૮/૨૦૧૬.
આંકઃ–૨૦

**પ્રથમ પક્ષકારોઃ–** **(સામાવાળાઓ)**
(૧) **ડાયરેક્ટશ્રી/મેનેજરશ્રી**
**બ્રેડી એન્ડ મોરીસ એન્જી.કુાં.લી.,**
ઠે.૫૦૫, ફેજ–૪, જી.આઈ.ડી.સી., વટવા,
અમદાવાદ–૪૫.
(૨) **મંગલ સિક્યુરીટી સર્વિસ,**
ઠે.૧૫૮/૨, ઓમકારનગર,
મેઘાણીનગર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર :–** **(અરજદાર)**
**મહેન્દ્ર જ્યંતિભાઈ ચૌહાણ**
ઠે. ગામ–કાચ્છાઈ, મહેમદાવાદ,
તા.મહેમદાવાદ,જી.ખેડા.

........................................................................................................

પ્રથમ પક્ષકાર તરફે **:–** વિ.વકીલ શ્રી વી.એસ. પાટીલ.
બીજા પક્ષકાર તરફે **:–** વિ.વકીલ શ્રી એલ.એમ. પાટીલ

........................................................................................................

**–: એ વો ર્ડ :–**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે "**સામાવાળા**" અને "**અરજદાર**" તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તે સંદર્ભેનો ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુક્તશ્રી અમદાવાદ સમક્ષ ક્રમાંકઃ નાશ્રઆ/અવિ/વિ–૪/ટે.નં.૧૧ આઈડીઆર નં.૨૨૯/૨૦૧૬ દ્વારા ઉત્પન્ન કરેલ હતો. તે કન્સીલીએશન કાર્યવાહીમાં સમાધાન થયેલ ન હોઈ, જેથી સબંધિત અધિકારી દ્વારા પત્ર ક્રમાંકઃ ૧૨૯૨૦, તા.૨૭–૦૭–૨૦૧૬ નાં રોજ અરજદારને પત્ર લખી ઔદ્યોગિક વિવાદ ધારાની સુધારેલ જોગવાઈ મુજબ મજુર અદાલત સમક્ષ સીધી અરજી કરવા જણાવેલ.

(૩) આ કામમાં અરજદારે આંક–૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ, જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર–કામદાર સામાવાળા સંસ્થાનાં એસેમ્બ્લી ખાતામાં ફીટરનાં હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે નોકરીની ફરજો બજાવતા હતા અને અરજદારને સામા.નં.૧ સંસ્થા દ્વારા છેલ્લે દૈનિક રૂ.૨૯૫/– લેખે દર મહીને પગાર ચુકવવામાં આવતો હતો.

અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી જ પોતાની નોકરીની ફરજો સંપુર્ણપણે ખંત, વફાદારી અને પુરેપુરી કાર્યક્ષમતાથી બજાવતા હતા અને કામમાં કોઈ દિવસ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ નથી. અરજદારનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો છે.

**૩.૧)** અરજદાર માંગણા નિવેદનમાં વધુમાં જણાવે છે કે,સામા.નં.૧ સંસ્થા એન્જીનીયરીંગ ઉદ્યોગમાં આવેલ સંસ્થા છે અને સામા.નં.૨ સામા.નં.૧ સંસ્થાનાં કહેવાતા કોન્ટ્રાક્ટર છે અને તેમાં આશરે ૧૦૦ કરતા વધારે કામદારો નોકરીની ફરજો બજાવે છે. સામાવાળાઓ બંને સંસ્થાઓને સંયુક્ત તેમજ અલગ અલગ અને સ્વતંત્ર રીતે વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ જેવી કે, આઈ.ડી.એક્ટ, મીનીમમ વેજીસ એક્ટ,શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ, પેમેન્ટ ઓફ બોનસ એક્ટ પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ, મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ વિગેરે વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડે અને તે તમામની જોગવાઈઓનું પાલન કરવાની સામા. સંસ્થાઓને સંયુક્ત તેમજ અલગ-અલગ અને સ્વતંત્ર રીતે કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે.

**૩.૨)** અરજદાર વધુમાં જણાવે છે કે, અરજદારની સામા.નં.૧ સંસ્થામાં નોકરીમાં ભરતી સામા.નં.૧ સંસ્થાનાં અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી અને અરજદારને કામગીરી સામા.નં.૧ સંસ્થાનાં અધિકારીઓ દ્વારા સોંપવામાં આવતી હતી તેમજ અરજદારની કામગીરી ઉપર સંપુર્ણપણે કન્ટ્રોલ, દેખરેખ, અંકુશ અને સુપરવિઝન સામા.નં.૧ સંસ્થાનાં અધિકારીઓ દ્વારા રાખવામાં આવતો હતો. અરજદાર સામા.નં.૧ સંસ્થાનાં કમ્પાઉન્ડમાં તેમજ પ્રિમાઈસીસમાં સામા.નં.૧ સંસ્થાની કાયમી પ્રકારની સામાન્ય પ્રક્રિયા અને અંતર્ગત વિભાગની કામગીરીમાં તેમજ સામા.નં.૨ સંસ્થાની કાયમી પ્રકારની કામગીરીમાં રોકાયેલા હોવા છતાં અરજદારને સામા.નં.૧ સંસ્થા દ્વારા કાયમી કામદારોનાં ધોરણે મળવાપાત્ર પગાર, ગ્રેડ, મોંઘવારી ભથ્થા, હક્કો અધિકારો ના આપવા પડે તેવા બદઆશયથી ડાયરેક્ટ સીધી સામા.નં.૧ સંસ્થામાં ભરતી કર્યા બાદ અરજદારનું નામ સામા.નં.૨ સંસ્થા કહેવાતા કોન્ટ્રાક્ટરનાં રેકર્ડ ઉપર ચઢાવી દેવામાં આવેલ અને તે રીતે અરજદારને સામા.નં.૧ સંસ્થા દ્વારા શામ ઍરેન્જમેન્ટ અને પેપર ઍરેન્જમેન્ટથી રેકર્ડ ઉપર કહેવાતા કોન્ટ્રાક્ટરનાં કામદાર તરીકે દર્શાવેલ હતા પરંતુ અરજદાર સામા.નં.૧ સંસ્થાનાં જ કાયમી કામદાર હતા અને છે.

**3.3)** અરજદાર વધુમાં જણાવે છે કે, અરજદાર તા.૧૩-૦૫-૨૦૧૬ નાં રોજ રાબેતા મુજબ નોકરીની ફરજો ઉપર હાજર હતા અને તેઓને અડધા દિવસની રજાની જરૂરી હોય

સામા.નં.૧ સંસ્થાનાં સુપરવાઈઝર શ્રી અશોકભાઈ સોની પાસે અડધા દિવસની રજા મંજુર કરાવવા માટે લેખિત અને મૌખિક વિનંતી કરતાં સંસ્થાનાં સુપરવાઈઝરે સંસ્થાનાં સંચાલકો પૈકીનાં અધિકારીશ્રી શર્માને એક યા બીજા કારણોસર અરજદાર વિરુદ્ધ ખોટી ચઢવણી, દોરવણી અને ઉશ્કેરણી કરી ગેરમાર્ગે દોરવામાં આવતા અરજદારને તા.૧૩–૦૫–૨૦૧૬ નાં રોજ સામા.નં.૧ સંસ્થાનાં સુપરવાઈઝર શ્રી અશોકભાઈ સોનીએ સંસ્થાનાં ઉચ્ચ અધિકારીશ્રી શર્માની સુચના મુજબ તેઓને આપેલી સત્તા અને અધિકારની રૂઈએ કોઈપણ જાતની નોટીસ કે નોટીસનાં બદલામાં નોટીસ પગાર આપ્યા વગર અરજદારના કોઈપણ વાંક કે ગુના વગર અરજદારને બચાવની કોઈ વ્યાજબી તેમજ પુરતી તક આપ્યા સિવાય તેમજ કાયદેસરની કોઈપણ કાર્યવાહી કર્યા સિવાય માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ. જે સામા.નં.૧ સંસ્થાનું કૃત્ય અયોગ્ય, ગેરવ્યાજબી, એકતરફી, બદઈરાદાવાળુ અને કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરુદ્ધનો હોવા ઉપરાંત અનફેર લેબર પ્રેકટીસ હોવાનું જણાવેલ છે.

**૩.૪)** અરજદારને સામા.સંસ્થાઓ દ્વારા તા.૧૩–૦૫–૨૦૦૬ નાં રોજ નોકરીમાંથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરવામાં આવતા અરજદારે સામા.સંસ્થા સામે પડેલા દિવસોનાં પુરા પગાર સહિત સળંગ સર્વિસથી તેઓની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા મદદનીશ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદની કચેરીમાં તા.૧૭–૦૫–૨૦૧૬ નાં રોજ ફરિયાદ દાખલ કરતા સામા.સંસ્થાઓ તરફે જવાબદાર અધિકારી હાજર રહેલ અને અરજદારને સામા.નં.૧ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તૈયાર હોવાનું જણાવેલ પરંતુ તે મુજબ અરજદાર સામા.નં.૧ સંસ્થામાં વખતોવખત રાબેતા મુજબ નોકરીની ફરજો ઉપર હાજર થવા છતાં સામાવાળા સંસ્થાઓ દ્વારા મેળાપીપણાંમાં અરજદારને કામે નહીં રાખતા મદદનીશ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ દ્વારા નિર્દેશ કરતાં સીધો રેફરન્સ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**૩.૫)** અરજદાર વધુમાં જણાવે છે કે, અરજદાર સામા.નં.૧ સંસ્થાની નોકરીમાં દાખલ થયા ત્યારથી અરજદારે સળંગ, સતત, એકધારી અને નિયમિત રીતે દરેક વર્ષમાં ૨૭૦ દિવસો કરતાં વધારે દિવસો સામા.નં.૧ સંસ્થામાં અધિકારીઓ દ્વારા સોંપવામાં આવેલી ફરજો અરજદારે બજાવેલી છે. સામા.નં.૧ સંસ્થામાં અરજદાર જે કામગીરી કરતા હતા તે કામગીરી આજે પણ ચાલુ છે, જે કામગીરી સામા.નં.૧ સંસ્થા દ્વારા બીજા નવા ભરતી કરાયેલા કામદારો પાસે તેમજ અરજદાર કરતાં જુનિયર કામદારો પાસેથી કરાવવામાં આવી રહેલ છે. વધુમાં સામા.સંસ્થાઓએ સંયુક્ત કે અલગ અલગ અને

સ્વતંત્ર રીતે અરજદારને નોકરીમાંથી છુટા કરતા પહેલા કોઈ સિનિયોરીટી લીસ્ટ બજાવેલ નથી કે પ્રદર્શિત કરેલ નથી. વધુમાં સામાવાળા બંને સંસ્થાઓ પૈકી એકપણ સંસ્થા દ્ધારા લાસ્ટ કમ ફર્સ્ટ ગો નાં પ્રિન્સિપલને અનુસર્યા સિવાય અરજદારને માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી રસ્તે રખડતા કરી દેવામાં આવેલ છે. જે સામાવાળા સંસ્થાઓનું કૃત્ય આઈ.ડી.એક્ટની જોગવાઈઓ અને તે હેઠળનાં ગુજરાત રૂલ્સની જોગવાઈઓ વિરુદ્ધનું છે.

**૩.૬)** અરજદાર વધુમાં જણાવે છે કે, સામા.સંસ્થાઓ દ્ધારા અરજદારને નોકરીમાંથી છુટા કરતી વખતે અરજદારને મે–૨૦૧૬ માસનો કરેલા કામનો પગાર, છેલ્લા ૧ વર્ષની બાકી નીકળતી હક્ક રજાના નાણાં કે છેલ્લા ૧ વર્ષનાં બાકી નીકળતા બોનસનાં નાણાં સામા.સંસ્થા પૈકી એકપણ સંસ્થાએ ચુકવી આપેલ નથી અને તે નાણાં પગાર પેટેનાં અરજદારનાં સામાવાળા બંને સંસ્થાઓ પાસે બાકી લેણા નીકળે છે જે ચુકવી આપવાની સામાવાળા બંને સંસ્થાઓની સંયુક્ત તેમજ અલગ–અલગ અને સ્વતંત્ર રીતે કાયદેસરની ફરજ અને જવાબદારી છે. અરજદાર કામદારે સામા.સંસ્થાઓને તા.૧૭–૦૫–૨૦૧૬ નાં રોજ તેઓનાં એડવોકેટ મારફતે એક લીગલ ડીમાન્ડ નોટીસ મોકલાવેલ અને અરજદારને મુળ જગ્યાએ પડેલા દિવસોનાં પુરા પગાર સહિત સળંગ સર્વિસથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા વિનંતી હતી. જે લીગલ નોટીસ સામા.સંસ્થાઓને બજી ગયેલ હોવા છતાં તેનો કોઈ જવાબ આપેલ નહીં કે તે મુજબનું વર્તન પણ કરેલ નહીં.

**૩.૭)** સદર કામે અરજદાર દાદ માંગી જણાવે છે કે, અરજદારને તા.૧૩–૦૫–૨૦૧૬ નાં રોજ નોકરીમાંથી છુટા કરવાનું સામા.સંસ્થાઓનું કૃત્ય ગેરવ્યાજબી, ગેરકાયદેસર, કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરુદ્ધનું અને આઈ.ડી.એક્ટની જોગવાઈઓ વિરુદ્ધનું ઠરાવી સામા.સંસ્થાઓ અરજદારને તેમની મુળ જગ્યાએ યાને કે સામા.નં.૧ સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર તેમજ મળવાપાત્ર બધા આનુસાંગિક લાભો અને સળંગ સર્વિસથી નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ તેવો હુકમ કરવા અરજ કરેલ છે તેમજ રેફરન્સનાં ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૧/– સામા.સંસ્થાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**(૪)** સામાવાળા સંસ્થાઓને આંક–૪ તથા ૫ થી નોટીસ કરતા જે નોટીસની ધોરણસર બજી ગયેલ હોવાની બેલીફશ્રીનાં શેરા સાથે પરત ફરેલ છે. સામા નં.૧ તરફે આંક–૬ થી વકીલાતનામુ રજુ કરી આંક–૭ થી લેખિત જવાબ રજુ કરેલ છે. સામા.નં.૨ તરફે આંક–૮ થી વકીલાતનામુ રજુ કરી આંક–૯ થી સામા.નં.૨ નો લેખિત જવાબ રજુ થયેલ છે.

**૪.૧)** સામા.નં.૧ તરફે આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, મદદનીશ મજુર કમિશ્નરશ્રી દ્વારા સદર પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ નામદાર અદાલતને ન્યાય નિર્ણય માટે સોંપેલ છે જે ખોટો અને ગેરકાયદેસર છે. તેમજ અરજદારને આ કે આવા પ્રકારનો રેફરન્સ કરવાનો કાયદેસર કોઈ હક્ક કે અધિકાર નથી અને પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, અરજદારને તેઓએ તેમનાં કામદાર તરીકે ક્યારેય કામ ઉપર રાખેલ નથી અને અરજદારે તેમનાં કામદાર ન હોય તેઓ વચ્ચે માલિક નોકરીનાં સબંધો અસ્તિત્વમાં આવેલ ન હોય રેફરન્સ રદ કરવા જણાવેલ છે. સામા.નં.૧ નાં જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયનાં અરજદારે માંગણા નિવેદનમાં કરેલ તમામ વિધાનો, આક્ષેપો ગેરરસ્તે દોરનારા હોય તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવી અરજદારનાં માંગણા નિવેદનનો પેરાવાઈઝ ઈન્કાર કરી સત્ય હકીકત એ હોવાનું જણાવેલ છે કે, સામા.નં.૧ સંસ્થા દર્શાવેલ સરનામે આવેલ અને કંપની લો હેઠળ રજીસ્ટર્ડ થયેલ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી કંપની હતી જેમાં કામ કરતા તમામ કામદારોને કાયદેસરનાં મળવાપાત્ર તમામ હક્કો અને લાભો આપવામાં આવતા હતા. વધુમાં અરજદારને સામા.નં.૧ સંસ્થાનાં કામદાર તરીકે કામ ઉપર રાખેલ નથી અને તેઓ તેમનાં કામદાર ન હોય તેઓ વચ્ચે માલિક નોકરનાં સબંધો અસ્તિત્વમાં આવેલ નથી. વધુમાં સામા.નં.૧ સંસ્થાએ તપાસ કરતાં તેઓની સંસ્થામાં ચાલતા કોન્ટ્રાક્ટ મંગલ સિક્યુરીટી સર્વિસનાં કામદાર છે. અરજદારને સદરહુ કોન્ટ્રાક્ટરે કામે રાખેલ હતા અને તેઓ જ તેમને પગાર ચુકવતા હતા. આમ, અરજદારની નોકરીની શરતો કોન્ટ્રાક્ટરનાં હસ્તક હોવાથી સામા.નં.૧ સંસ્થા સામેનો અરજદારનો રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં સામા.નં.૧ જણાવે છે કે, ધંધાકીય કારણોસર ઉપરોક્ત સરનામે તેઓની સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા તા.૩૦–૧૧–૨૦૧૬ નાં રોજથી બંધ કરી દીધેલ છે તેમજ તા.૩૧–૦૭–૨૦૧૬ નાં રોજથી સામા.નં.૨ સંસ્થાનો કોન્ટ્રાક્ટર પણ પુરો થઈ ગયેલ હોવાનું જણાવી હાલમાં તેમનો કોન્ટ્રાક્ટ સામા.નં.૧ સંસ્થામાં ચાલતો ન હોવાનું જણાવેલ છે.

**૪.૨)** સામા.નં.૨ તરફે આંક–૮ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, મદદનીશ મજુર કમિશ્નરશ્રી દ્વારા સદર પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ નામદાર અદાલતને ન્યાય નિર્ણય માટે સોંપેલ છે જે ખોટો અને ગેરકાયદેસર છે. તેમજ અરજદારને આ કે આવા પ્રકારનો રેફરન્સ કરવાનો કાયદેસર કોઈ હક્ક કે અધિકાર નથી અને પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, અરજદારે સામા.નં.૨ નાં કોન્ટ્રાક્ટમાં ૨૪૦ દિવસ નોકરી પુરી કરેલ નથી અને અરજદારને તેઓએ નોકરીમાંથી છુટા કરેલ નથી તેથી

અરજદારનો રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. સામા.નં.૧ નાં જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયનાં અરજદારે માંગણા નિવેદનમાં કરેલ તમામ વિધાનો, આક્ષેપો ગેરરસ્તે દોરનારા હોય તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવી અરજદારનાં માંગણા નિવેદનનો પેરાવાઈઝ ઈન્કાર કરી સત્ય હકીકત એ હોવાનું જણાવેલ છે કે, સામા.નં.૨ સંસ્થા કોન્ટ્રાક્ટર તરીકેનો સ્વતંત્ર વ્યવસાય કરે છે અને તેઓનાં કોન્ટ્રાક્ટમાં કામ કરતા તમામ કામદારોને કાયદેસર મળવાપાત્ર હક્કો અને લાભો આપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી બ્રેડી એન્ડ મોરીસ એન્જીનીયરીંગ કંપની લી. વટવા, સંસ્થામાં સામા.નં.૨ પોતાનો કોન્ટ્રાક્ટ ધરાવતા હતા અને તેઓએ કોન્ટ્રાક્ટ લેબર એક્ટ હેઠળ કાયદેસરનું લાયસન્સ લીધેલ હતુ. વધુમાં જણાવે છે કે, અરજદાર તેમની સંસ્થામાં અગાઉ ફરજો બજાવતા હતા અને અરજદાર રાજીનામુ આપી તેમનાં હક્કો લઈને રાજીખુશીથી છુટા થઈ ગયેલ હતા. ત્યારબાદ અરજદાર ફરીથી તેઓ પાસે નોકરી માટે આવતા અરજદારને તા.૦૧–૧૨–૨૦૧૫ નાં રોજથી નવી નિમણુંક આપેલ હતી. અરજદાર સદરહુ સામા.નં.૧ સંસ્થામાં ચાલતા કોન્ટ્રાક્ટમાં સામા.નં.૨ નાં કામદાર તરીકે ફરજો બજાવતા હતા. સામા.નં.૨ સંસ્થાએ અરજદારને કામે રાખેલ અને તેઓ જ અરજદારને પગાર ચુકવતા હતા. અરજદાર સામા.નં.૨ ની સુચના અને દેખરેખ હેઠળ કામ કરતા હતા અને અરજદાર આ રીતે તેઓનાં કામદાર છે.

૪.૩) વધુમાં સામા.નં.૨ તેઓનાં જવાબમાં જણાવે છે કે, અરજદારને તેઓએ નોકરીમાંથી છુટા કરેલ નથી પરંતુ અરજદારે મે–૨૦૧૬ માં પોતાની જાતે જ ફરજ ઉપર આવવાનું બંધ કરેલ હતુ. સામા.નં.૨ એ અરજદારને ફરજ ઉપર હાજર થવા માટે વારંવાર સંદેશા મોકલે પરંતુ તેઓ ફરજ ઉપર હાજર થવા આવેલ નહીં. ત્યારબાદ સામા.નં.૧ સાથેનો તેઓનો કોન્ટ્રાક્ટ તા.૩૧–૦૭–૨૦૧૬ નાં રોજથી પુરો થઈ ગયેલ. આથી સામા.નં.૨ એ અરજદારને ઓફીસે આવી બીજી સંસ્થાનો પોસ્ટીંગ ઓર્ડર લેવા બોલાવતાં અરજદાર આવેલ નહીં. વધુમાં અરજદારે તેઓની સંસ્થામાં એક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ નથી તેથી અરજદારને આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય તેમજ સામાવાળાઓ પાસેથી ખોટી રીતે પૈસા પડાવવાનાં બદઈરાદાથી રેફરન્સ ઉપસ્થિત કરેલ હોય આ રેફરન્સ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે પક્ષકારો તરફે મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે નીચે મુજબ છે.

**–: અરજદારનો મૌખિક પુરાવો :–**

| અનુ.નં. | આંક | સાહેદની વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ૧૦ | અરજદારઃ–શ્રી મહેન્દ્ર જયંતિભાઈની જુબાનીનું સોગંદનામુ. |

## –: અરજદારનો દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૩/૧ | અરજદારનાં વ.શ્રીએ સામા.સંસ્થાને મોકલેલ લીગલ ડીમાન્ડ નોટીસની ઓફીસ પ્રત અસલ. તા.૧૭–૦૫–૨૦૧૬ |
| ૨. | ૩/૨ | ડીમાન્ડ નોટીસ સામા.નં.૧ સંસ્થાને આર.પી.એ.ડી. થી મોકલ્યા અંગે પોસ્ટ ખાતાની નાણાંની રસીદ અસલ તા.૧૭–૦૫–૨૦૧૬. |
| ૩. | ૩/૩ | ડિમાન્ડ નોટીસ સામા.નં.૨ સંસ્થાને આર.પી.એ.ડી. પોસ્ટથી મોકલ્યા અંગે પોસ્ટ ખાતાની નાણાંની રસીદ અસલ., તા.૧૭–૦૫–૨૦૧૬. |
| ૪. | ૩/૪ | ડીમાન્ડ નોટીસ સામા.નં.૧ સંસ્થાને મળી ગયા અંગે પોસ્ટ ખાતાની પરત આવેલ એકનોલેજમેન્ટ અસલ. |
| ૫. | ૩/૫ | ડીમાન્ડ નોટીસ સામા.નં.૧ સંસ્થાને મળી ગયા અંગે પોસ્ટ ખાતાની પરત આવેલ એકનોલેજમેન્ટ અસલ. |

અરજદાર તરફે આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

## –: સામાવાળાનો મૌખિક પુરાવો :–

| અનુ.નં. | આંક | સાહેદની વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | સામા.નં.૧ નાં સાહેદઃ– શ્રી સુનિલ સુરેન્દ્રભાઈ શાહની જુબાનીનું સોગંદનામુ. |
| ૨. | ૧૬ | સામા.નં.૨ નાં સાહેદઃ– રાજાપ્રસાદ મંગલપ્રસાદ યાદવની જુબાનીનું સોગંદનામુ. |

## –: સામાવાળાનો દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૧/૧ | સામા.નં.૨ એ અરજદારને લખેલ પત્રની નકલ. તા.૨૫–૦૫–૨૦૧૬ |
| ૨. | ૧૧/૨ | અનુ.નં.૧ વાળો પત્ર મળી ગયાની પહોંચ અસલ. |
| ૩. | ૧૧/૩ | સામા.નં.૧ એ મદદનીશ શ્રમ આયુક્તશ્રીને લખેલ પત્રની નકલ. તા.૩૦–૦૫–૨૦૧૬. |
| ૪. | ૧૧/૪ | સામા.નં.૨ એ મદદનીશ શ્રમ આયુક્તશ્રીને લખેલ પત્રની નકલ. તા.૩૦–૦૫–૨૦૧૬. |
| ૫. | ૧૧/૫ | સામા.નં.૨ એ અરજદારને લખેલ પત્રની નકલ. તા.૩૧–૦૫–૨૦૧૬ |

| | | |
|---|---|---|
| ૬. | ૧૧/૬ | અનુ.નં.૫ વાળો પત્ર અરજદારને રજી.એ.ડી. કર્યાની અસલ મની સ્લીપ. |
| ૭. | ૧૧/૭ | અનુ.નં.૫ વાળો પત્ર મદદનીશ શ્રમ આયુક્તશ્રીને રજી.એ.ડી. કર્યાની અસલ મની સ્લીપ. |
| ૮. | ૧૧/૮ | અનુ.નં.૫ વાળો પત્ર મદદનીશ શ્રમ આયુક્તશ્રીને મળી ગયાની અસલ પહોંચ. |
| ૯. | ૧૧/૯ | સામા.નં.૨ એ મદદનીશ શ્રમ આયુક્તશ્રીને લખેલ પત્રની નકલ. તા.૦૬–૦૬–૨૦૧૬. |
| ૧૦. | ૧૧/૧૦ | સામા.નં.૨ એ મદદનીશ શ્રમ આયુક્તશ્રીને લખેલ પત્રની નકલ. તા.૧૩–૦૬–૨૦૧૬. |

સામાવાળાઓ તરફે આંક–૧૭ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) અરજદારની સામા.નં.૧ તથા ૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. અરજદાર તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, " હું પ્રથમ પક્ષકાર નં.૧ માં કંપનીમાં નોકરી માટે ગયેલો. મને શ્રી સુનિલભાઈ શાહે નોકરીએ રાખેલા. મને નિમણુંકપત્ર આપવામાં આવેલો નથી. હું પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ નાં કામદાર તરીકે કામ કરતો તે દર્શાવવા પુરાવો નથી.

હું મંગલ સિક્યુરીટી સર્વિસને ઓળખુ છું. તેઓ કોન્ટ્રાક્ટર હતા. તે વાત ખરી નથી કે, હું મંગલ સિક્યુરીટી સર્વિસનાં કામદાર તરીકે કામ કરતો હતો. મને પગાર શ્રી સુનિલભાઈ શાહ અને કોન્ટ્રાક્ટર આપતા હતા. મેં મંગલ સિક્યુરીટી સર્વિસ સામે કેસ કરેલો છે તેનાં જવાબમાં જણાવું છું કે, મેં મંગલ સિક્યુરીટી સર્વિસ સામે કેસ કરેલ નથી. તે વાત ખરી નથી કે, હું મંગલ સિક્યુરીટી સર્વિસમાં નોકરી કરતો હતો. મેં મંગલ સિક્યુરીટી સર્વિસમાં રાજીનામું આપેલ નથી. એ વાત ખરી નથી કે, મેં મંગલ સિક્યુરીટી સર્વિસમાં રાજીનામુ આપેલુ અને ત્યારબાદ તા.૦૧–૧૨–૨૦૧૫ નાં રોજ ફરીથી મને કામ ઉપર રાખેલો. તે વાત ખરી નથી કે, મેં–૨૦૧૬ માં કામ ઉપર જવાનું જાતે બંધ કરેલ.

મને માર્ક–૧૧/૧ બતાવવામાં આવે છે. જે મંગલ સિક્યુરીટી સર્વિસે મને કામ ઉપર આવવા માટે પત્ર લખેલો કે કેમ તેની મને ખબર નથી. મને માર્ક–૧૧/૧ નો પત્ર બતાવવામાં આવે છે તેમાં સરનામું લખેલ છે તે મારું છે. મને નિ.૧૧/૨ બતાવવામાં આવે છે જેમાં રજી.એ.ડી.ની પહોંચ છે તેમાં કોની સહી છે તે મને ખબર નથી, મારી નથી. મને નિ.૧૧/૫ બતાવવામાં આવે છે તે મંગલ સિક્યુરીટી સર્વિસે મને કામ ઉપર આવવા માટે લખેલ પત્ર છે તે વાત ખરી છે.

મેં મજુર કમિશ્નરશ્રી સમક્ષ ફરિયાદ કરેલી તે વાત ખરી છે. તે વાત પણ ખરી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨ હાજર રહેલા અને મને કામ ઉપર લઈ જવાની તૈયારી બતાવેલી. પત્ર મળ્યા બાદ હું નોકરી ઉપર ગયેલો. હું કઈ તારીખ ગયેલો તે તારીખ યાદ નથી. હું ગેટ ઉપર સિક્યુરીટીવાળાને મળેલો. તેઓએ મને ના પાડેલી. મેં ત્યારબાદ કાગળ લખેલો નથી કે, હું આવેલો અને તમે ના પાડેલી. અત્યારે મંગલ સિક્યુરીટી સર્વિસવાળા તેઓનો કોન્ટ્રાક્ટ જે બીજે ચાલતો હોય ત્યાં મને કામે રાખે તો જવા તૈયાર છું. સને ૨૦૧૬ પછી આ કેસ કર્યા પછી હું ઘરે જ છું. હું મારા પિતાશ્રી સાથે રહુ છું. હું આખો દિવસ મારા પિતાશ્રી સાથે ખેતીનું કામ કરું છું.

(૭) સદર કામે સામાવાળા નં.૧ નાં સાહેદ સુનિલભાઈ સુરેન્દ્રભાઈ શાહ નું આંક–૧૩ થી જુબાનીનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ સામા.નં.૧ નાં આંક–૭ નાં લેખિત જવાબમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. સામા.નં.૧ નાં સાહેદની અરજદાર તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, " હુ આ સંસ્થામાં સને ૨૦૧૨ થી ફરજ બજાવુ છુ. એ વાત ખરી નથી કે સંસ્થામાં કામકાજ હાલમાં ચાલુ છે. સંસ્થાનુ કામકાજનુ સરનામુ : ગામ કનેરા, બારેજા, જી.ખેડા છે. સંસ્થા સને ૨૦૧૬ પછી ટ્રાન્સફર કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે વટવા ખાતે કામદારો કામ કરતા હતા તેને બારેજા ખાતે ટ્રાન્સફર કરેલા છે. હુ બંને જગ્યાએ કામ કરતો હતો. વટવા ખાતેના યુનીટ અને બારેજા ખાતેના યુનીટ એક જ છે કે કેમ તેની મને માહીતી નથી. વટવા ખાતેના યુનીટ બંધ કરેલ ત્યારે કેટલા કામદારો કામ કરતા હતા તે હુ જોયા વગર કહી શકુ નહી. વટવા ખાતેના યુનીટના કામદારોને કલોઝર કોમ્પેનસેશન આપેલ કે કેમ તેની મને માહીતી નથી. વટવા તથા બારેજાના યુનીટના કામદારોના એચ.આર.ને લગતુ કામ હુ અને બીજા અન્ય માણસો કરતા હતા. વટવા ખાતેના યુનીટનુ કોન્ટ્રાકટ લેબરનુ રજીસ્ટ્રેશન થયેલ હતુ તેની નકલ હુ રજુ કરીશ.

પ્રથમ પક્ષકાર નં.ર ની સંસ્થાનો કોન્ટ્રાકટ અમારી સંસ્થામાં કઈ કઈ કામગીરી માટેનો હતો તે જોઈને કહી શકુ. મે રેકર્ડ જોયુ નથી. પ્રથમ પક્ષકાર નં .ર સંસ્થા પાસે લાયસન્સ હતુ જેની નકલ હું રજુ કરવા તૈયાર છુ. પ્રથમ પક્ષકાર નં.ર

ની સંસ્થાનો કોન્ટ્રાકટ હાલમાં ચાલુ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ ની સંસ્થાનો કોન્ટ્રાકટ સને ૨૦૧૬ માં પુરો થયેલ. પ્રથમ પક્ષકાર નં.૨ ની સંસ્થા સાથે કોન્ટ્રાકટ થયેલો છે તેની નકલ હુ રજુ કરીશ. સંસ્થા બારેજા ખાતે શીફટ થવાથી અને વટવા ખાતે ઉત્પાદન બંધ થવાથી પ્રથમ પક્ષકાર નં.૨ ની સંસ્થાનો કોન્ટ્રાકટ પુરો થયેલો. પ્રથમ પક્ષકાર નં.૨ ના કામદારોનુ શુ થયુ તે કોન્ટ્રાકટરને પુછવુ પડે. કોન્ટ્રાકટ બંધ થવાથી કામદારોને વળતર ચુકવેલ કે કેમ તે કોન્ટ્રાકટરને પુછવુ પડે.

બારેજા ખાતેના યુનીટનુ કોન્ટ્રાકટ એકટ હેઠળ રજીસ્ટ્રેશન છે કે કેમ તેની મને માહીતી નથી. બારેજા ખાતેના યુનીટમાં કેટલા કોન્ટ્રાકટરો છે અને તે કોન્ટ્રાકટમાં કેટલા કામદારો છે તે જોયા વગર હુ કહી શકુ નહી. બારેજા ખાતેના યુનીટમાં કેટલા કોન્ટ્રાકટરો છે અને તે કોન્ટ્રાકટમાં કેટલા કામદારો છે તેનું રેકર્ડ હુ રજુ કરીશ.

બીજા પક્ષકારને હુ જોયે ઓળખુ છુ. બીજા પક્ષકાર સંસ્થામાં એસેમ્બલી ખાતામાં નોકરી કરતા હતા કે કેમ તેની મને માહીતી નથી.

બીજા પક્ષકારની હાજરીને લગતુ તથા પગારને લગતુ રેકર્ડ મારી પાસે નથી કોન્ટ્રાકટર પાસે રહે છે. બીજા પક્ષકાર કોન્ટ્રાકટરના કામદાર હતા તે અંગેનુ રેકર્ડ મે રજુ કરેલ નથી. મને નિ.૩/૧ બતાવવામાં આવે છે તે નોટીસ સંસ્થાને મળી હશે. જેમાં લખેલ વટવાનુ સંસ્થાનું સરનામુ સાચુ છે. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા પ્રોપ્રાયટરશીપ છે. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા પ્રોપ્રાયટર મંગલ યાદવ છે. મને નિ.૧૧ /૧ ની નોટીસ બતાવવામાં આવે છે તે નોટીસના અક્ષરો મંગલ યાદવના છે.

સવાલ :- નિ.૧૧/૧ ની નોટીસ તમે જાતે લખેલી છે અને તેમાં લખાણ તમારુ પોતાનુ હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપી રહયા છો.

જવાબ :- આ હસ્તાક્ષર મારા નથી.

મંગલ યાદવ કેટલુ ભણેલા છે? તેની મને ખબર નથી. મને નિ.૧૧/૩ બતાવવામાં આવે છે તે નોટીસના હસ્તાક્ષર મંગલ યાદવના છે તેમાં મંગલ યાદવની સહી છે. મને નિ.૧૧/૫ બતાવવામાં આવે છે તેમાં કોના હસ્તાક્ષર

છે તે મને ખબર નથી તેમાં સહી પ્રોપ્રાયટર મંગલ યાદવની છે. મને નિ.૧૧/૯ અને ૧૧/૧૦ બતાવવામાં આવે છે તેના હસ્તાક્ષર કોના છે તે મને ખબર નથી.

પ્રથમ પક્ષકાર નં.ર નાએ બીજા પક્ષકારને કામે બોલાવવા અંગે પત્રો લખેલા છે તેની મને માહીતી છે. પ્રથમ પક્ષકાર નં.ર નાએ બીજા પક્ષકારને શોકોઝ નોટીસ આપી હોય કે ખાતાકીય તપાસ કરી હોય તેની માહીતી મને નથી. પ્રથમ પક્ષકાર નં.ર નાએ બીજા પક્ષકારને નોટીસપગાર કે છટણી વળતર આપેલ હોય તેની માહીતી મને નથી.

બીજા પક્ષકાર વટવા ખાતે શુ કામગીરી કરતા હતા તેની મને માહીતી નથી. બીજા પક્ષકાર બારેજા ખાતે કામ પર આવવા તૈયાર છે તો તમો કામ પર રાખવા તૈયાર છો તેના જવાબમાં જણાવે છે કે કોન્ટ્રાકટરના કામદાર હોય કોન્ટ્રાકટરે નકકી કરવાનુ રહે છે. મને કોઈપણ કામદારને નોકરીએ રાખવાની કે છુટા કરવાની કોઈ સત્તા નથી. સામાવાળા નં.ર નાં સાહેદ ર રાજાપ્રસાદ મંગલપ્રસાદ ની આંક ૧૬ ની સરતપાસ રજુ છે અને તેમણે આંક ૯ ના જવાબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે હું બી.ટેક. ભણેલો છુ, હું અત્યારે પ્રથમ પક્ષકાર નં. ર ની ફર્મ ચલાવુ છે. હું બીજા પક્ષકારને વ્યકિતગત રીતે ઓળખતો નથી. મને આ કેસ બાબતે અંગત જ્ઞાન નથી, પરંતુ રેકર્ડ આધારીત જાણકારી છે. પ્રથમ પક્ષકાર નં. ર ની ફર્મ કયારે શરુ થયેલ છે તેની મને ખબર નથી. હું પ્રથમ પક્ષકાર નં. ર ની ફર્મનો વહીવટ સને ૨૦૧૯ થી સંભાળુ છુ. પ્રથમ પક્ષકાર નં. ર માં હાલમાં ૩૦ થી ૪૦ કામદારો પે- રોલ પર છે. આ ૩૦- ૪૦ કામદારો સીકયુરીટી ગાર્ડ તરીકે નરોડા જીઆઈડીસી,નવરંગપુરા જીઆઈડીસી કઠવાડામાં છે. એ વાત ખરી નથી કે અમારી સીકયુરીટી સર્વિસના જે કામદારો છે તેને અમે જયાં કોન્ટ્રાકટ ચાલતો હોય ત્યાં સપ્લાય કરીએ છીએ. મને પ્રથમ પક્ષકાર નં. ૧ ની કંપની અંગે થોડીઘણી જાણકારી છે. એ વાત ખરી નથી કે પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં સીકયુરીટીનો કોન્ટ્રાકટ હતો. સાહેદ જણાવે છે કે લેબર કોન્ટ્રાકટ હતો. આ કોન્ટ્રાકટ લેખિતમાં હતો. આ કોન્ટ્રાકટ અંગેની ફાઈલ અંગે જોવુ પડશે, જો મળી આવશે તો અમે કોર્ટમાં

રજુ કરીશુ. આ સીકયુરીટી કંપની ચલાવવા માટે લાયસન્સ લીધેલ હતુ તે મળશે તો હું રજુ કરીશ. બીજા પક્ષકાર અંગે મને કોઈ જાણકારી નથી પરંતુ તેઓએ ૨૦૧૫ માં નોકરી છોડી દીધેલ અને પાછા આવેલ અને ૨૦૧૬ માં પાછી નોકરી છોડી દીધેલ. બીજા પક્ષકારે અમારા કોન્ટ્રાકટ હેઠળ નોકરી કરેલ તે અંગે લેખિતમાં આધાર હશે તો અમો રજુ કરીશુ. એ વાત ખરી છે કે મંગલભાઈ યાદવ અમારા પિતાજી હતા. તેઓ ધો– ૧૨ પાસ હતા અને આર્મી માંથી રીટાયર્ડ થયેલ હતા. તેમને ગુજરાતી લખતા આવડતુ હતુ. હું મારા પિતાજીનું લખાણ ઓળખુ છુ. પ્રથમ પક્ષકાર નં. ૧ ની કં પનીએ પ્રથમ પક્ષકાર નં. ૨ ને કોન્ટ્રાકટ આપ્યો ત્યારે તેઓએ ભરતી કેવી રીતે કરી તેનો મને ખ્યાલ નથી. એ વાતની મને ખબર નથી કે પ્રથમ પક્ષકાર નં. ૧ ની કં પનીએ પ્રથમ પક્ષકાર નં. ૨ ની કંપનીને કોન્ટ્રાકટ અને કામદારો આપેલા. મને એ વાતની ખબર નથી કે પ્રથમ પક્ષકાર નં. ૧ નાએ કોન્ટ્રાકટ આપ્યો ત્યારે સુપરવાઈઝર, કલાર્ક અને કેશીયર હતા કે કેમ ? પ્રથમ પક્ષકાર નં. ૧ ની કં પનીમાં પ્રથમ પક્ષકાર નં. ૨ ના કોન્ટ્રાકટમાં છેલ્લે કેટલા કામદારો કામ કરતા હતા તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે કામદારોનું છેલ્લે શું થયુ હતુ. પ્ર થમ પક્ષકાર નં. ૧ ની કંપનીમાં જે કામદારો હતા તે અમો પ્રથમ પક્ષકાર નં. ૨ ની કં પનીના કોન્ટ્રાકટમાં કયાંય ચાલુ છે કે કેમ તેની મને ખબર નથી.

મને નિ. ૩/૫ અને આંક ૯ બતાવવામાં આવેલ છે તે જોઈને કહુ છુ કે તેમાં મારા પિતાજીની સહી છે. મને નિ. ૧૧/૧, ૧૧/૪, ૧૧/૫, ૧૧/૯ અને ૧૧/૧૦ બતાવવામાં આવેલ છે તે જોઈને હુ કહુ છુ કે તેમાં મારા પિતાજીની સહી છે. સદરહુ પત્રોમાં લખાણ છે તે મારા પિતાજીના હસ્તાક્ષરમાં છે. બીજા પક્ષકારને પોસ્ટીંગ ઓર્ડર આપ્યો છે કે કેમ તે જોઈ તપાસીને કહી શકુ. મેં મારા સોગંદનામામાં જણાવેલ છે કે બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ નથી તે અંગેનું હું રેકર્ડ રજુ કરીશ. બીજા પક્ષકારનું નામ પે– રોલ અને મસ્ટરરોલમાં ચાલુ નથી. બીજા પક્ષકારનું નામ પેરોલમાંથી ૨૦૧૬ માં કમી કરેલુ. બીજા પક્ષકારનું નામ પેરોલમાંથી કમી કરતા પહેલા તેને નોટીસ આપેલ કે કેમ તેની મને ખબર નથી. પ્રથમ પક્ષકાર નં. ૧ ની કં

પની ચાલુ છે કે બંધ તેની મને ખબર નથી. અમો બીજા પક્ષકારને કામ પર રાખવા તૈયાર છીએ.

(૮) અરજદાર તરફે દલીલ કરતા જણાવે છે કે અરજદાર સામાવાળા સંસ્થામાં નોકરી કરતા હોય અને તેમને કોઈ વ્યાજબી કારણ વગર અને ઈન્કવાયરી કર્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે જેથી અરજદાર ધ્વારા સંસ્થાને નોકરી પરત મેળવવા માટે તા. ૧૭–૫–૧૬ ના રોજ પત્ર લખેલ તેમ છતા તેમને નોકરી ઉપર લીધેલ ન હોય અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી મૂળ જગ્યાએ પુન: સ્થાપિત થવા અને મળવાપાત્ર સઘળા આનુષાંગિક લાભો મેળવવા હકકદાર છે જે હકીકત પુરવાર થયેલ હોય અરજી મંજુર કરવા અરજ કરેલ છે.અરજદાર ધ્વારા નીચેના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૧ ઈન્ડીયન ફાર્મા ફર્ટીલાયઝર કો. ઓ. લી. વિરુઘ્ધ ઈન્ડસ્ટ્રીઅલ ટ્રીબ્યુનલ ૨૦૦૨ (૨) એલએલએન ૩૬૮,જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવેલ કે જયારે ટ્રીબ્યુનલે જણાવેલ કે કામદાર કોન્ટ્રાકટરના લેબર ન હતા પરંતુ ડાયરેકટ માલીકના કામદાર હતા ત્યારે કામદાર સળંગ નોકરી પર હતા તેવુ માનેલ.

૨. ભારત હેવી ઈલેકટ્રીકલ્સ લી. વિરુઘ્ધ સ્ટેટ ઓફ યુ. પી. ૨૦૦૩ (૬) એસસીસી ૫૨૮, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છેકે જયારે કામદારને કોન્ટ્રાકટર ધ્વારા રાખવામાં આવેલ હોય ત્યારે તેમણે કંપનીમાં કામ કરેલ હોય તો તે કંપનીના કામદાર ગણાય.

૩. એચ. બી. સીંહ વિરુઘ્ધ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા એઆઈઆર ૧૯૮૬ એસસી ૧૩૨, જયારે સંસ્થા ધ્વારા કામદારનું નામ કંપનીના લીસ્ટમાંથી કાઢી નાંખવામાં આવે ત્યારે તેને છટણી કહી શકાય અને તે પ્રોસીજર વગરની અને કલમ ૨૫ (એફ) ના ભંગ મુજબની ગણેલ.

૪. સુદર્શન રાજપુત વિરુઘ્ધ યુ. પી. સ્ટેટ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ ૨૦૧૪ લોસુટ એસસી ૯૨૨, કામદારનું નામ મસ્ટર રોલમાંથી કાઢી નાંખવામાં આવે ત્યારે તેને છટણી કહી શકાય અને તે પ્રોસીજર વગરની અને કલમ ૨૫ (એફ) ના ભંગ મુજબની ગણેલ.

૫. રઘુબીરસિંહ વિરુધ્ધ જનરલ મેનેજર હરીયાણા રોડવેઝ ૨૦૧૪ લોસુટ એસસી ૬૫૦, ઔદ્યોગીક તકરાર જયારે ગેરહાજરી બાબતની ગેરવર્તણુંકની ઈન્કવાયરી કર્યા વગર અને ઈન્કવાયરી ઈસ્પેન્સીસ કરી કોઈ કારણ વગર છટણી કરેલ હોય તો કામદારને નોકરી ઉપર પુન: સ્થાપીત કરવા જોઈએ.

૬. નોવર્ટીઝ ઈન્ડીયા લી. વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૨૦૦૯ એલએલઆર ૧૧ ૩, અરજદારને જયારે નોકરી પર ફરી લેવાનો હુકમ કરેલ હોય ત્યારે તેમને બેક વેઝીસ ચુકવવુ જોઈએ.

૭. રામમનોહર લોહીયા જોઈન્ટ હોસ્પીટલ વિરુધ્ધ મુન્નાપ્રસાદ સૈની ૨૦૨૧ એલએલઆર ૧૦૩૫, જયારે કામદારને ફરી નોકરીએ લેવાનો હુકમ કર્યો હોય ત્યારે બેકવેજીસ ચુકવવુ જોઈએ.

૮. દીપાલી બુન્દુ કુરવાસી વિરુધ્ધ ક્રાન્તી જુનીયર અધ્યાપક ૨૦૧૩ (૧૩૯) એફએલઆર ૫૪૧, જયારે કામદારને ફરી નોકરીએ લેવાનો હુકમ કર્યો હોય ત્યારે બેકવેજીસ ચુકવવુ જોઈએ.

૯. ધોળકા નગરપાલીકા વિરુધ્ધ દશરથભાઈ આર. રબારી ૨૦૦૫ (૦) જીએલએચઈએલ ૨૧૪૦૫૮ ,જયારે કામદાર ગેઈનફુલ એમ્પલોયમેન્ટમાં હોય તેવી હકીકત સાબીત થયેલ ન હોય અને સંસ્થા દ્વારા તેમની રેગ્યુલર ઈન્કમ અંગે કોઈ પુરાવા રજુ કરેલ ન હોય ત્યારે સંસ્થાની અરજી નામંજુર કરવામાં આવે છે.

૧૦. સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ જીતેન્દ્ર એમ. રાવલ ૨૦૦૫ (૧૦૬) એફએલઆર ૫૭, જયારે સંસ્થા ઘવરા કામદારને આઈકાર્ડ આપેલ હકીકત નકારવામાં આવેલ ન હોય ત્યારે કામદારે ૨૪૦ દિવસ સતત કામ કરેલ હોય તે હકીકત નહીં માનવાને કારણ નથી અને કામદારને ૭૦ ટકા બેકવેઝીસ સાથે ફરી નોકરીએ લેવાનો હુકમ કરેલ.

૧૧. મોહંમદશા ગનીશા પટેલ વિરુધ્ધ મસ્તાનબેગ કન્ઝયુમર કો. ઓ. સ્ટોર્સ ૧૯૯૮ (૧) સીએલઆર ૧૨૦૫, જયારે કામદારને નોકરીએથી ઈન્કવાયરી કર્યા વગર કાઢી મુકેલ હોય ત્યારે તે છટણી

કહેવાશે અને ત્યારે કામદાર પુરેપુરા બેકવેઝીસ સાથે નોકરીમાં ફરી જોડાવા હકકદાર છે.

૧૨. ગંગારામ કે. મેડકર વિરુધ્ધ જૈનીથ શેફ મેન્યુફેકચરીંગ કંપની ૧૯૯૬ (૧) એલએલએન ૭૦૩, જયારે કામદારને નવરા બેસી રહેવુ નહીં અને ૪૮ કલાકમાં નોકરીએ હાજર થવુ તેવુ જણાવવામાં આવે ત્યારે તે એબન્ડન્ટમેન્ટ ઓફ સર્વિસ નહીં પરંતુ ટર્મીનેશન ઓફ સર્વિસ ગણાશે. જેથી કામદારની પુરા પગાર સાથે રી ઈન્સ્ટેટ કરવાનો હુકમ કરેલ.

૧૩. રામબહાદુર ચૌબે વિરુધ્ધ મે. નાથુસ્વીટસ ૨૦૨૦ એલએલઆર ૮૨૯, જયારે સંસ્થા ધ્વારા કામદારનો સર્વીસ રેકોર્ડ કે હાજરીપત્રક કે પગારપત્રક રજુ કરવામાં આવેલ ન હોય અને છટણી આઈ.ડી. એકટની જોગવાઈઓ મુજબની ન હોય ત્યારે તે ગેરકાયદેસર ગણી પુરા પગાર સાથે રી ઈન્સ્ટેટ કરવાનો હુકમ કરેલ.

૧૪. મે. ડીઝાઈન ડીસીઝન આઈએનપી વિરુધ્ધ યોગેશ અરોરા ૨૦૧૯ એલએલઆર ૧૧૯૧, જયારે સંસ્થા ધ્વારા કામદાર પોતાની જાતે નોકરી છોડી ચાલ્યો ગયેલ છે તેવો બચાવ લીધેલ હોય અને સંસ્થા ધ્વારા કોઈ ઈન્કવાયરી કરેલ ન હોય અને કામદાર કમાતા હોય તે અંગેના કોઈ પુરાવા રજુ કરેલ ન હોય ત્યારે કામદારને ૫૦% બેકવેઝીસ સાથે ફરી નોકરી કરવા હુકમ કરેલ.

૧૫. ચેત રામ વિરુધ્ધ પ્રીસાઈન્ડીંગ ઓફીસર ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કમ લેબર કોર્ટ, ૧, ૨૦૧૦ એલએલઆર ૧૧૬૫, જયારે કોન્ટ્રાકટર ધ્વારા કોન્ટ્રાક લેબર રેગ્યુલેશન અને એબોઈશન એકટ ૧૯૭૦ ની કલમ ૧૨ મુજબ કાયદેસર લાયસન્સ ન હોય ત્યારે કામદારને માલીકના કામદાર તરીકે ગણવામાં આવેલા અને તેમને ફરી નોકરીએ લેવા હુકમ કરેલ.

૧૬. ત્રીવેણી શીટ ગ્લાસ વર્ક લી. વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ. પી. ૨૦૦૬ એલએલઆર ૩૩૯, જયારે સંસ્થા ધ્વારા એવો બચાવ લીધેલ હોય કે કામદાર કોન્ટ્રાકટરના કામદાર છે અને તેમણે કોન્ટ્રાક લેબર રેગ્યુલેશન અને એબોઈશન એકટ ૧૯૭૦ ની કલમ ૧૨ મુજબ કોઈ આધાર પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે સંસ્થાને

કામદારને ફરી નોકરી લેવા અને પુરેપુરો બેકવેઝીસ ચુકવવા હુકમ થયેલ.

૧૭. નોર્થ બેંગાલ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરુધ્ધ સંજય કુંદા ૨૦૨૨ ૪ એલએલજે ૧૨૪ (કલકત્તા), જયારે કોન્ટ્રાકટર ધ્વારા કોન્ટ્રાક લેબર રેગ્યુલેશન અને એબોઈશન એકટ ૧૯૭૦ ની કલમ ૧૨ મુજબ કાયદેસર લાયસન્સ ન હોય ત્યારે કામદારને માલીકના કામદાર તરીકે ગણવામાં આવેલા અને તેમને ફરી નોકરીએ લેવા હુકમ કરેલ.

સામાવાળા નં. ૧ અને ૨ તરફે લેખિત દલીલ આંક ૧૮ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર પ્રથમ પક્ષકાર નં. ૧ ના કામદાર ન હતા પરંતુ પ્રથમ પક્ષકાર નં. ૧ નો પ્રથમ પક્ષકાર નં. ૨ નાએ કોન્ટ્રાકટ રાખેલ અને અરજદાર પ્રથમ પક્ષકાર નં. ૨ ના કામદાર હતા અને આ કોન્ટ્રાકટ તા. ૩૧–૭–૨૦૧૬ ના રોજ પુરો થયેલ છે અને અરજદારે નોકરીમાં જાતે આવવાનું બંધ કરી દીધેલ છે. તેમને તા. ૧ ૩–૫–૧૬ ના રોજ નોકરીમાંથી છુટા કરેલની હકીકત અરજદારે સાબીત કરેલ નથી અને પ્રથમ પક્ષકાર નં. ૧ અને અરજદાર વચ્ચે માલીક નોકરના સંબંધો હોવાની હકીકત અરજદારે સાબીત કરેલ નથી અને અરજદારે દરેક વર્ષમાં ૨૭૦ દિવસ કરતા વધારે નોકરી કરેલ હોવાની હકીકત સાબીત કરેલ નથી અને પ્રથમ પક્ષકાર નં. ૧ ની ઉત્પાદન પ્રક્રિયા તા. ૩૦–૧૧–૧૬ ના રોજ બંધ કરવામાં આવેલ અને જેથી અરજદારે માંગેલ દાદ મેળવવા હકકદાર નહોય અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. સામાવાળા ધ્વારા નીચેના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૧ ઓટોમોબાઈલ એસોસીએશન ઓફ ઓફર ઈન્ડીયા વિ. પીઓ લેબર કોર્ટ નં. ૨ રીપોટેર્ડ ઈન એલ.એલ.આર. ૨૦૦૬ પેજ નં. ૮૫૧ જેમાં નામદાર દિલ્હી હાઈકોર્ટે ઠરાવેલ છે કે કામદારે તેમનો કેસ જાતે સાબીત કરવાનો હોય છે.

૨. વિવેકાનંદ શેઠ્ઠી વિરુધ્ધ જે એન્ડ કે રીપોર્ટેડ ઈન ૨૦૦૫ એલ.એલ.આર. પેજ નં. ૬૪૧ જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા કોમ્પીટીશન પ્રિન્ટીંગ પ્રેસ વિ. જયપ્રકાશસિંગ ૨૦૦૧ એલ.એલ.જે. ૨ પેજ નં. ૧૩૪૧ માં ઠરાવેલ કે જયારે કામદાર ઘણાં ગેરહાજર રહે ત્યારે તેવુ માનવાને કારણ રહે છે કે તેઓ નોકરી કરવામાં રસ ઘરાવતા નથી.

૩. કોમ્પીટીશન પ્રીન્ટીંગ પ્રેસ વિરુધ્ધ જયપ્રકાશ સીંઘ ૨૦૦૧ (૮૯) એફએલઆર ૮૦૯, જેમાં નામદાર બોમ્બે વડીઅદાલતે ઠરાવેલ કે જયારે કામદાર નોકરી ઉપર હાજર રહેવા રસ ધરાવતા ન હોય અને સ્વેચ્છાએ નોકરીનો ત્યાગ કરેલ હોય ત્યારે કામદાર પુન: સ્થાપિત થવા કે બેકવેઝીસ મેળવવા હકકદાર રહેતા નથી.

૪. નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદા નં. એલ.પી.એ. નં. ૭૬૪–૨૦૦૨ તા. ૨૦–૧૦–૨૦૧૧ ઉપર આધાર રાખેલ છે જેમાં ઠરાવેલ છે કે જયારે કામદાર ધ્વારા પોતે બેકાર હોવાની રજુઆત કરવામાં આવેલ ન હોય ત્યારે બેકવેજીસનો હુકમ રદ કરવામાં આવે છે.

(૯) હાલનાં કામે પક્ષકારો તરફે રજુ થયેલ માંગણા નિવેદન તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--:: મુદ્દાઓ ::--**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામા.સંસ્થાઓએ અરજદારને તા.૧૩–૦૫–૨૦૧૬ નાં રોજ મૌખિક હુકમથી નોટીસ, નોટીસ પગાર કે બચાવની કોઈ વ્યાજબી તક આપ્યા વગર ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદારને નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી તેઓ સામા.સંસ્થાઓમાં પડેલા દિવસોનાં પુરા પગાર સાથે સળંગ નોકરીમાં તેમજ મળવાપાત્ર બધા આનુસાંગિક લાભો સહિત તેઓની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાની દાદ કે અન્ય કોઈ દાદ મેળવવા હક્કદાર છે ?

(૩) શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા તારણો નીચે મુજબ છે.

(૧) ન કારમાં

(૨) ન કારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૧૧)** **<u>મુદ્દા નંબર–(૧) અને (૨) :–</u>**

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બિન જરૂરી પુનરાવર્તન ટાળવાનાં હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

આ કામે અરજદાર કોઈપણ દાદ મેળવવા હક્કદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ કામે અરજદારે તેમના માંગણા નિવેદન તથા સરતપાસ આંક ૧૦ માં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ માં હાજર થયેલ અને ત્રણ વર્ષથી એસેમ્બલી ખાતામાં ફીટરના હોદ્દા ઉપર કાયમી કર્મચારી તરીકે હતા અને પ્રથમ પક્ષકાર નં. ૧ દ્વારા દૈનિક રૂા. ૨૯૫/– લેખે દર મહીને પગાર ચુકવવામાં આવતો હતો અને તા. ૧૩–૫–૨૦૧૬ ના રોજ અરજદાર નોકરી પર હાજર થતા અડધા દિવસની રજાની માંગણી કરતા સુપરવાઈઝરશ્રી અશોક સોનીએ ઉચ્ચ અધિકારી શ્રી શર્માની સુચના મુજબ કોઈપણ નોટીસ કે નોટીસ પગાર વગર કે કાયદેસરના લાભો ચુકવ્યા વગર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ અને અરજદારે દરેક વર્ષમાં ૨૭૦ દિવસથી વધારે કામ કરેલ અને પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૧ દ્વારા બીજા નવા ભરતી કરાયેલ કામદારો પાસ`કામ કરાવવામાં આવેલ અને અરજદારે સંસ્થાને તા. ૧ ૭–૫–૨૦૧૬ ના રોજ વકીલ મારફતે લીગલ નોટીસ મોકલેલ તેનો કોઈ જવાબ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ નથી. જેથી અરજદારને નોકરીમાંથી છુટા કર્યાનું પગલુ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુધ્ધનું હોય અરજદારને મૂળ જગ્યાએ પગાર અને આનુષાંગિક લાભો સહિત પુન: સ્થાપીત કરવા અરજ કરેલ છે. અરજદારની ઉલટતપાસ જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ માં નોકરી કરવા ગયેલ અને તેઓએ પ્રથમ પક્ષકાર નં. ૧ ના કારીગર હોવા અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર નં. ૨ ના કામદાર હતા અને તેમણે પ્રથમ પક્ષકાર નં. ૨

વિરુધ્ધમાં કેસ કરેલ નથી અને એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે તેઓને પ્રથમ પક્ષકાર નં. ૨ નાએ નોકરીએ રાખેલ અને રાજીનામુ આપેલ અને તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે મે– ૨૦૧૬ માં કામ ઉપર જવાનું જાતે બંધ કરી દીધેલ અને તેઓ પ્રથમ પક્ષકાર નં. ૨ નો કોન્ટ્રાકટ જે બીજી જગ્યાએ ચાલતો હોય ત્યાં કામે રાખે તો જવા તૈયાર છે અને સને ૨૦૧૬ પછી તેમણે તેમના પીતાને ખેતીકામમાં મદદ કરેલ. વધુમાં આ કામે અરજદાર તરફે આંક ૩ થી સામાવાળા સંસ્થાઓને આપેલ નોટીસ અને તે મળ્યા અંગેના પુરાવા રજુ કરેલ છે અને પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ નાઓએ આંક ૧૩ અને ૧૬ થી સોગંદ પર જુબાની રજુ કરેલ છે અને આંક ૧૩ થી સામાવાળા પ્રથમ પક્ષકાર નં. ૧ નાએ જણાવેલ છે કે પ્ર થમ પક્ષકાર નં. ૨ નો પ્રથમ પક્ષકાર નં. ૧ સાથેનો કોન્ટ્રાકટ સને ૨૦૧૬ માં પુરો થયેલ. પ્રથમ પક્ષકાર નં. ૨ ધ્વારા આંક ૧૬ ની ઉલટતપાસમાં જણાવેલ છે કે અરજદાર સને ૨૦૧૫ માં નોકરી છોડી દીધેલ અને પાછા આવેલ અને ૨૦૧૬ માં પાછી નોકરી છોડી દીધેલ અને બીજા પક્ષકારના કોન્ટ્રાકટ હેઠળ નોકરી કરેલ તે અંગે લેખિતમાં આધાર હશે તો રજુ કરીશ અને બીજા પક્ષકારને કામે રાખવા તૈયાર છે અને પ્રથમ પક્ષકાર નં. ૧, ૨ ધ્વારા આંક ૧૧ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં પ્રથમ પક્ષકાર નં. ૨ નાએ બીજા પક્ષકારને લખેલ પત્ર તા. ૨૫–૫–૨૦૧૬ ના રોજ નો તથા તે મળી ગયેલ એકનોલોજ પહોંચ જે ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર તા. ૧૭–૧૧–૨૦૧૫ ના રોજ પ્રથમ પક્ષકાર નં. ૨ ના કોન્ટ્રાકટમાં પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં કામ કરેલ અને તા. ૧૩–૫–૨૦૧૬ ના રોજથી કામ પર હાજર થયેલ નહીં. વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નં. ૧ ને ત્યાં ચાલતા કોન્ટ્રાકટમાં તાત્કાલીક હાજર થતો.

આ કામે ઉપરોકત પુરાવા ધ્યાને લેતા અરજદારના જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ ને ત્યાં નોકરી કરતા હતા પરંતુ જયારે પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ધ્વારા તેવી તકરાર લીધેલ છે કે અરજદાર તેમના કામદાર નથી અને તેમની અને અરજદાર વચ્ચે માલીક નોકરના સંબંધો ઉપસ્થિત થયેલ નથી

ત્યારે અરજદારે તે હકીકત સાબીત કરવી પડે કે તેઓ સામાવાળા નં. ૧ ને ત્યાં નોકરીમાં જોડાયેલ અને તેમણે તેમને નોકરીમાંથી કાઢી મુકેલ. પરંતુ આ કામે અરજદાર ધ્વારા તે અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય અને તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે તેમને નોકરી અંગે નિમણુંકપત્રક આપવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર નં. ૧ ના કામદાર તરીકે કામ કરતા હોય તે દર્શાવતો પુરાવો નથી જેથી આ કામે રજુ થયેલ પુરાવા પરથી અરજદાર અને પ્રથમ પક્ષકાર નં. ૧ વચ્ચે કામદાર અને માલીકના સંબંધો સ્થાપિત કરવામા અરજદાર નિષ્ફળ નીવડેલ છે. હવે આ કામે સામાવાળા નં. ૨ ધ્વારા તે હકીકત સ્વીકારવામાં આવેલ છે કે અરજદાર તેમના કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા હતા અને તેમના કામદાર હતા અને તેઓ તેમને પગાર ચુકવતા હતા અને આંક ૧૧/૧ થી રજુ થયેલ પત્ર પરથી તે હકીકત સાબીત થાય છે કે અરજદાર પ્રથમ પક્ષકાર નં. ૨ ને ત્યાં તા. ૧૭–૧૧ –૨૦૧૫ ના રોજ નોકરીએ જોડાયેલ અને તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ ને ત્યાં કામગીરી કરતા હતા અને ત્યારબાદ તા. ૧૩–૫–૨૦૧૬ થી નોકરીએ આવવાનું બંધ કરી દીધેલ અને અરજદાર ધ્વારા એવુ જણાવેલ છે કે તેમને તા. ૧૩–૫–૨૦૧૬ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ અને અરજદાર ધ્વારા પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ ને તા. ૧ ૭–૫–૨૦૧૬ ના રોજ નોટીસ જે માર્ક ૩/૧ થી રજુ છે અને પ્રથમ પક્ષકાર નં. ૨ ધ્વારા માર્ક ૧૧/૧ થી જવાબ આપવામાં આવેલ છે અને માર્ક ૧૧/૫ થી રજુ જે તા. ૩૧–૫–૨૦૧૬ થી અરજદારને નોકરીએ હાજર થવા માટે પ્રથમ પક્ષકાર નં. ૨ નાએ લખેલ પત્ર છે જે હકીકતનો અરજદારે તેમની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે તે હકીકત ધ્યાને લેતા આ કામે અરજદારને નોકરીએ હાજર થવા અંગે પ્રથમ પક્ષકાર નં. ૨ નાએ જણાવેલ હોવા છતા તેઓ નોકરીએ હાજર થયેલ નથી જે હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા લેવામાં આવેલ તકરાર કે તેમને નોકરીમાથી કાઢી મુકેલ હોય તે હકીકત અરજદાર ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી અને અરજદારે સ્વેચ્છાએ નોકરીમાં ગેરહાજર રહેલ અને નોકરીનો ત્યાગ કેરલ હોવાનું જણાઈ આવેલ છે. જેથી જયારે અરજદાર જાતે નોકરી ઉપર હાજર થવા માંગતા ન હોય

અને તેમણે તેમની ઉલટતપાસમાં એવુ પણ જણાવેલ કે તેઓ તેમના પિતા સાથે ખેતીનું કામ કરે છે તે હકીકત ધ્યાને લેતા પણ અરજદાર બેકાર ન હોય તેવુ ફલિત થાય છે. આમ અરજદારે અરજીમાં જણાવેલ હકીકત કે તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ ના કામદાર હોવાનું સાબીત કરેલ નથી અને તેઓએ પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાના કોન્ટ્રાકટમાં કામ કરેલ હોવાનું ફલિત થાય છે અને તા. ૧૩–૫–૨૦૧૬ પછી તેઓએ જાતે નોકરી ઉપર આવવાનું બંધ કરી દીધેલ અને ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં. ૨ ધ્વારા તેમને નોકરીએ આવવાનું જણાવવામાં આવેલ હોવા છતા તેઓ નોકરીએ હાજર થયેલ ન હોવાનું રેકર્ડ પરથી ફલિત થાય છે. જે સંજોગોમાં અરજદારે જાતે નોકરીનો ત્યાગ કરેલ હોય ત્યારે તેઓ પુન: સ્થાપિત થવાની કે બાકી પગાર કે આનુષાંગિક લાભો ભેળવાવ હકકદાર થતા ન હોય ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર તરફે રજુ થયેલ ચુકાદાઓ હાલના કેસમાં લાગુ પડતા નથી અને પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદા હાલના કેસને લાગુ પડે છે જેથી મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૩ નો નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર નો હાલનો રેફરન્સ (ટી) નં. ૬૪૮/૨૦૧૬ ના મંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખ ૧૬મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ: ૧૬–૦૩–૨૦૨૪**
**સ્થળ: અમદાવાદ.**

**( કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા )**
**CODE : GJ00966**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**